# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-09-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હીના મોદી** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશના ધારથી “સ્વસ્થ નારી, સશક્ત પરિવાર” અભિયાનનો દેશવ્યાપી શુભારંભ કરાવ્યો

2) પ્રધાનમંત્રીના જન્મ દિવસ નિમિત્તે રાજ્યમાં અનેક સેવાકાર્યો યોજાયા - અમદાવાદમાં વિશ્વની સૌથી મોટી રક્તદાન શિબિર યોજાઇ

3) ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણીની સમય મર્યાદા 22 સપ્ટેમ્બર સુધી લંબાવાઈ.

4) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાટણનાં સિદ્ધપુર ખાતે માતૃશ્રી હિરાબા સરોવરનું લોકાર્પણ કર્યું

5) એક અઠવાડિયામાં રાજ્યમાંથી ચોમાસુ વિદાય લે તેવી શક્યતા

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM SWASTH NARI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશના ધારથી "સ્વસ્થ નારી , સશક્ત પરિવાર" અભિયાનનો દેશવ્યાપી શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે મહિલાઓને આ અભિયાન હેઠળ યોજાયેલી આરોગ્ય શિબિરોમાં તબીબી તપાસ કરાવવા વિનંતી કરી.

**(BITE- PM AYUSHMAN )**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગાંધીનગર ખાતેથી પ્રધાનમંત્રીના આ કાર્યક્રમનું પ્રસારણ નિહાળ્યું. તેઓએ મહાત્મા મંદિર ખાતે મેગા મેડિકલ કેમ્પની પણ મુલાકાત લીધી. આ અભિયાન હેઠળ સમગ્ર રાજયમાં એક લાખ 41 હજારથી વધુ વધુ આરોગ્ય શિબિરનું આયોજન કરાશે, જેમાં હ્દય રોગ, કેન્સર, કિડની, ટીબી, ડાયાલિસિસ, બ્લડ પ્રેશર, સ્ત્રી રોગ, આંખ, કાન, નાક અને ગળાના રોગોની તપાસ અને માર્ગદર્શન નિઃશુલ્ક આપશે.

. . . . . .

# PM MODI – BIRTH DAY-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં વિશ્વની સૌથી મોટી રક્તદાન શિબિર યોજાઈ. અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા રક્તદાન અમૃત મહોત્સવના બીજા તબક્કાની વિષયવસ્તુ હેઠળ મહા રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું.

છોટાઉદેપુરમાં સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન હેઠળ મેડિકલ ચેકઅપ કેમ્પમાં સગર્ભા મહિલાઓને પોષણ કીટનું વિતરણ કરાયું.

પાલનપુર તાલુકા આરોગ્ય કચેરી , ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ખાસ કરીને 40 વર્ષથી ઉપરની બહેનોનું સ્ક્રીનીંગ કરવામાં આવશે તથા જરૂર જણાશે ત્યાં મેમોગ્રાફી કરી નિષ્ણાતો દ્વારા યોગ્ય સારવાર સુલભ કરાશે.

ગોધરામાં બ્રહ્માકુમારીઝ અને સાર્વજનિક કોમર્સ કોલેજના NSS એકમના સંયુક્ત ઉપક્રમે વ્યસનમુક્તિ માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો. જેમાં વ્યસન મુક્તિ અંગે પ્રવચન આપવામાં આવ્યું હતું.

બોટાદમાં આરોગ્ય તંત્ર દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, હોમીયોપેથી, આર્યુવેદીક નિદાન કેમ્પ, સગર્ભા સ્ત્રીઓને, કુપોષીત બાળકો અને ટીબી દર્દીઓને પોષણ કીટનુ વિતરણ કરવામાં આવ્યું.

ડાંગના પિંપરી આશ્રમ શાળામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ શિબિર યોજવામાં આવી

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન (IITE) ખાતે **"અમૃત સ્મૃતિ યાત્રા"** નામ થી ૭૫ મીટર લાંબુ એક ભવ્ય બેનર પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. આ બેનરમાં પ્રધાનમંત્રી

નરેન્દ્ર મોદીના જીવનના પ્રવાસ દરમિયાન તેમને કરેલ પ્રયાસના ફળસ્વરૂપે પ્રાપ્ત થયેલ પ્ર કાશનું નિરૂપણ કરતી એક સ્મરણ યાત્રા પ્રદર્શિત કરાઈ..

# PM MODI – BIRTH DAY-2

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં સ્વસ્થ મહિલા મજબૂત પરિવાર કાર્યક્રમ અંતર્ગત લોકોને 2 ઓક્ટોબર 2025 સુધી આયોજિત મફત આરોગ્ય શિબિર અને અન્ય પરવૃતિ નો લાભ લેવા વિનંતી કરાઇ.

દીવમા ચક્રતીર્થ બીચ ખાતે સફાઈ અભિયાન, ઘોઘલા તથા વણાકબારા કમ્યુનિટી હોલ ખાતે મેઘા બ્લડ ડોનેશન કેમ્પ, ઘોઘલા ખાતે એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષારોપણ તથા ગૌશાળા મા ગાય ને  ઘાસ ખવડાવ્યુ

કચ્છમાં 'સ્વસ્થ નારી સશક્ત પરિવાર' પખવાડિયા અંતર્ગત ૫૩૯ મેડિકલ કેમ્પમાં ૧૩ હજારથી વધુ લાભાર્થીઓએ આરોગ્યલક્ષી વિવિધ સેવાનો લાભ લીધો

. .

# SWACHHATA HI SEVA

પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે આજે રાજ્યભરમાં વિવિધ જગ્યાએ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું. તે અંતર્ગત કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સુરતમાં સ્વચ્છતા ઝૂંબેશનો પ્રારંભ કરાવ્યો

નવસારીના ગણદેવી નગરપાલીકા દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત આજે સાંસ્કૃતિક ઉત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બજાર ચોક ખાતે સફાઇ અભિયાન હાથ ધરવામાં આવ્યું.

ભાવનગર મોતીબાગ ખાતે "નમો રક્તદાન કેમ્પ"યોજવામાં આવ્યો જેમાં રક્તદાતાઓએ જીવન બચાવવાનો સંકલ્પ કર્યો.

ભરૂચ આમોદ નગર પાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા અંતર્ગત કાયર્ક્રમ માં કચરો ફેકાવી સ્વચ્છતા નાં નામે નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

સેવા પખવાડિયા અને એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત ધોળકાની ઇંગોલી પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.ગામજનોની ઉપસ્થિતિમાં કુલ ૨૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

ઓલપાડના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે 'સ્વસ્થ નારી , સશક્ત પરિવાર ' અભિયાન અંતર્ગત વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં મેડિકલ કેમ્પ યોજાયો હતો.

**મહીસાગર જિલ્લામાં 'સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સમૂહ શ્રમદાન કરવામાં આવ્યું હતું.**

**શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેર ડિંડોરે સંતરામપુર ડેપો ખાતે શ્રમદાન કરી મુસાફરોને સ્વચ્છતાનું મહત્વ સમજાવી કચરો ન ફેલાવવા અપીલ કરી હતી**

સુરેન્દ્રનગર જિલ્લામાં પર્યાવરણ વિભાગના મંત્રી મુળુભાઈ બેરાએ બગીચામાં સફાઈ કરી સ્વચ્છ ભારત અભિયાનમાં સહભાગી થવા સૌને આહવાન કર્યું હતું.

કચ્છ જિલ્લામાં સ્વચ્છતા હી સેવાના કાર્યક્રમ હેઠળ કચ્છના તમામ તાલુકામાં શહેર તથા ગ્રામ્યકક્ષાએ સ્વચ્છતાની વિવિધ પ્રવૃતિ કરવામાં આવી હતી. . .

# TEKA NA BHAV DATE

કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્માએ જણાવ્યું કે, મગફળી, મગ, અડદ અને સોયાબીન પાકોની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણીની સમય મર્યાદા 22 સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે. અત્યાર સુધી રાજ્યના 8 લાખ 79 હજારથી વધુ ખેડૂતોએ મગફળી માટે , 66 હજારથી વધુ ખેડૂતોએ સોયાબીન માટે , 5 હજારથી વધુ ખેડૂતોએ અડદ માટે તેમજ એક હજાર 100થી વધુ ખેડૂતોએ ટેકાના ભાવે વેચાણ માટે નોંધણી કરાવી છે.

(બાઇટ : ડૉ.અંજુ શર્મા- અધિક મુખ્ય સચિવ)

. . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

........

# CM SIDDHPUR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાટણના સિદ્ધપુર ખાતે આજે માતૃશ્રી હિરાબા સરોવરનું લોકાર્પણ કર્યું. દરમિયાન તેમણે સરસ્વતી નદીના નવસર્જનની કામગીરીની પણ શરૂઆત કરાવી. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યુ કે નદીના નવસર્જનથી ગાંધીનગર, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના એક હજાર 500 હેક્ટરથી વધુ વિસ્તારને પૂરક સિંચાઇનો લાભ મળશે.

. . . . . . .

# CM MORBI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , વન બહારના વિસ્તારમાં વન આવરણ વધારવામાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે. મોરબીમાં 10 લાખથી વધુ વૃક્ષોના વન કવચનું લોકાર્પણ કરતાં શ્રી પટેલે કહ્યું, રાજ્યમાં કુલ 82 નમો વડ વન બન્યા છે.

કાર્યક્રમ દરમિયાન શ્રી પટેલે દેશમાં બનેલી વસ્તુનો જ ઉપયોગ કરવા નાગરિકોને અનુરોધ કર્યો.

. . .

# WEATHER FORECAST

એક અઠવાડિયામાં રાજ્યમાંથી ચોમાસુ વિદાય લે તેવી શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અત્યાર સુધી રાજ્યમાં 25 ટકા વધુ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે આજે કચ્છ , બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને સાબરકાંઠા સિવાયના અન્ય જિલ્લાઓમાં સામાન્યથી મધ્યમ વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડો.એ.કે.દાસે જણાવ્યુ હતું.

(બાઇટ : ડો.એ.કે.દાસ, નિયામક હવામાન વિભાગ)

. . . .

# GST REFORMS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લાની પ્રાચિર પરથી આગામી પેઢીના વસ્તુ અને સેવા કર- GST સુધારાની જાહેરાત કરી હતી. લોકોનું જીવન સરળ બનાવવા માટે ત્રણ સપ્ટેમ્બરે GST પરિષદે અનેક ક્ષેત્રમાં કરના દરમાં ઘટાડાનો નિર્ણય કર્યો છે. અનેક ચીજવસ્તુઓ પરથી GST દર ઘટાડી પાંચ ટકા કરાતા વેપારીઓ પણ આ નિર્ણયને આવકાર આપી રહ્યા છે. આ અંગે મહીસાગર જિલ્લાના એક વેપારીએ પ્રતિક્રિયા આપી.

(બાઇટ : વેપારી)

. . .

# RAGHVAJI – MSP

કૃષિ મંત્રી રાઘવજી પટેલે નવી દિલ્હી ખાતે આયોજિત "નેશનલ કોન્ફરન્સ ઓન એગ્રીકલ્ચર ફોર રબી કેમ્પઇન-૨૦૨૫ "માં કેટલાક મહત્વના સૂચનો કર્યા. દેશના 80 ટકા એરંડાનું ઉત્પાદન ગુજરાતમાં થતું હોવાથી તેમણે લઘુત્તમ ટેકાના ભાવની ખરીદીમાં એરંડાના પાકનો સમાવેશ કરવા કેન્દ્ર સરકારને ભલામણ કરી છે. શ્રી પટેલે ટેકાના ભાવે મગફળી, ચણા અને સોયાબીનની ખરીદીમાં ઉત્પાદનના 25 ટકાની મર્યાદાને વધારીને 50 ટકા કરવા તેમજ ખાતર વિતરણ સંસ્થાઓને POS મશીનને બદલે કોમ્પ્યુટર અને થમ્બ સ્કેનર પૂરા પાડવા પણ સૂચન કર્યું હતું.

. . . .

# AMRELI MULTIMEDIA

અમરેલીના જાફરાબાદ ખાતે કેન્દ્રીય સંચાર બ્યુરો દ્વારા યોજાયેલા મલ્ટીમીડિયા પ્રદર્શનનું આજે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ ઉદ્ઘાટન કર્યું. આ કાર્યક્રમ અંતર્ગત આજથી ત્રણ દિવસ સુધી ડિજિટલ આકર્ષણો , આકર્ષક રમતો, સરકારી યોજનાઓની જાણકારી આપતા વિવિધ વિભાગોનાં સ્ટોલ્સ, યોજનાકીય જાણકારી આપતું સાહિત્ય , નાટ્ય પ્રસ્તુતિ તેમજ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા એક જ સ્થળેથી સરકારની વિભિન્ન યોજનાઓ અને અભિયાન અંગેની જાણકારી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

. . . . . .